ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ

મંગળવાર ૧૧ જૂન, ૨૦૨૪ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 

### દાહોદ પાલિકા પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવા ચક્રો ગતિમાન.? : દાહોદના સ્થાનિક રાજકારણમાં અચાનક ગરમાવો આવ્યો

# લોકસભાની ચૂંટણી પૂરી થતાં દાહોદ ભાજપમાં ભડકાનાં એંધાણ

**17 સભ્યો** પ્રમુખ સામે બળવો કરવાના મૂડમાં હોવાનો અંદેશો

**પ્રમુખ અને ઉપપ્રમુખ** વચ્ચેની સત્તાની લડાઈનું પરિણામ

(પ્રતિનિધિ) દાહોદ, તા.10

લોકસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ તરત જ દાહોદ નગરપાલિકામાં અંદરો અંદરનો વિરોધનો ઉકળતો ચરૂ બહાર આવવા પામ્યો છે.આ મામલે કોઈ કેમેરાની સામે કહેવા તૈયાર નથી પરંતુ એક કહેવત છે કે આગ લાગતી હોય ત્યાં ધુમાડો હોય તેઓ ઘાટ અત્યારના સંજોગોમાં સર્જાઈ રહ્યો છે.ચૂંટણી પૂર્ણ થયા બાદ 17 જેટલા સુધરાઈ સભ્યો વર્તમાન પ્રમુખ નીરજ ગોપી દેસાઈ સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવા જતા રહ્યા હોય તેવા સમાચાર વહેતા થયા હતા. આ રૂમરથી જ પાલિકામાં ચાલી રહેલા સત્તાની લડાઈ હવે સાર્વજનિક થઈ હોય તેવું પ્રતીત થઈ રહ્યું છે. કારણ કે કાઉન્સિલરો બહારગામ ગયા પછી જે પ્રકારે દૈનિક અખબારમાં પક્ષના નેતાએ વર્ઝન આપ્યું તેમાં સ્પષ્ટ જણાવ્યું કે મતભેદ હોઈ શકે છે. એ શક્ય છે. આ વાક્ય પરથી લાગે છે કે દાહોદ નગરપાલિકામાં પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી થયા બાદ બે ગ્રુપ બની ગયા હોત અને બંને ગ્રુપ વચ્ચે યાદવાસ્થળી જોવા મળી રહી છે.

આ તમામ વિવાદોની શરૂઆત પૂર્વ પાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ ના કાર્યકાળથી શરૂ થઈ હતી.જેમાં પાંચ ગ્રુપોમાં વહેંચાયેલા દાહોદ પાલિકાના જન પ્રતિનિધિઓ વચ્ચે એકબીજાનું અંદરો અંદરનો વિરોધની શરૂઆત થઈ હતી. પાલિકા પ્રમુખના અઢી વર્ષના કાર્યકાળમાં ચૂંટાયેલા સુધરાઈ સભ્યોને વિશ્વાસમાં લઈ કામ કરવાની જગ્યાએ મનસ્વી રીતે વહીવટ ચલાવ્યો હોય તેવા આક્ષેપો સમય સમય પર લાગ્યા હતાં અને આ જ સમયગાળા દરમિયાન ચીફ ઓફિસર જોડે થયેલી ચકમક પછી આ મામલો વધુ ગરમાયો હતો. ત્યારબાદ નવા પ્રમુખ નીરજ ગોપી દેસાઈ ની નિયુક્તિ બાદ રાજેશભાઈ શહેતાઈએ સોશિયલ મીડિયામાં એક પોસ્ટ લખી હતી કે દાહોદ નગરપાલિકામાં સરમુખત્યારશાહીનો વિજય 59 મત વાળાની કદર નહીં અને બે મત વાળા પ્રમુખ બન્યા વંદે વૈભવશાળી ભારત માતરમ આ પોસ્ટથી રાજકીય ક્ષેત્રે ભૂકંપની સાથે ખળભળાટ મચી જવા જવા પામ્યો હતો. જોકે આ મામલે જે તે સમયે પક્ષ દ્વારા નોટિસ પણ આપવામાં આવી હતી.પરંતુ સુધરાઈ સભ્યો દ્વારા અવાર નવાર સોશિયલ મીડિયામાં એકબીજા સામે આક્ષેપ પ્રતિઆક્ષેપોની વચ્ચે બનતી ઘટનાઓ અંદરો અંદરના ડખાના પુરાવા આપી રહી છે. આ તમામ બાબતોથી શહેર પ્રમુખ, જિલ્લા પ્રમુખ તેમજ મોવડી મંડળ અજાણ છે. કે શું શું મહુડી મંડળ અજાણ હોય તો જેના તેરે સંગઠનને મજબૂત રીતે ચલાવવાની જવાબદારી હોય તે શહેર પ્રમુખ દ્વારા આ મામલે પક્ષને જાણ કરી અથવા પાલિકામાં અંદરો અંદર ચાલી રહેલા ડખા ને ખાળવા માટે શું કર્યું તે હજી સુધી બહાર ન આવતા આશ્ચર્યજનક રીતે તરેહ તરેહ ની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ત્યારે આવી પરિસ્થિતિમાં પાલિકાના ચૂંટાયેલા 17થી 20 જેટલા કાઉન્સિલરો બહારગામ જતા રહ્યા હોવાના સમાચારો આવી રહ્યા છે.

જોકે પક્ષના નેતા દિપેશભાઈ લાલપુર વાળાના જણાવ્યા મુજબ ઉપરોક્ત કાઉન્સિલરો જુદા જુદા ગ્રુપમાં બહારગામ રજાઓ ગાળવા ગયેલા હોવાનું જણાવ્યું જો કાઉન્સિલરો ખરેખર બહાર વેકેશન મનાવવા ગયા હોય તો પ્રમુખ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત લાવવાનું કારસ્તાન કોને ફરતું કર્યું.? આ ભાજપ મોવડી મંડળ તેમજ સુધરાઈ સભ્યો માટે ગંભીર તપાસનો વિષય બની જવા પામેલ છે. જોકે હાલ સ્માર્ટ સિટીના કામો શહેરમાં ચાલી રહ્યા છે. જેમાં પહેલેથી જ આડેધડ કામો ચાલી રહ્યા હોવાની પ્રજાજનો બૂમો પાડી રહ્યા છે. સાથે સાથે જનતા પ્રિ-મોન્સૂનની કામગીરી, રોડ રસ્તા, ગટર, પાણી જેવી સમસ્યાથી પિડાઈ રહી છે. જે સુધરાઈ સભ્યોને દાહોદ નગરની જનતાએ પોતાની સુખાકારી અને સુવિધા પૂરી પાડવા માટે ચુંટીને નગરપાલિકામાં મોકલ્યા હોય તે સુધરાઈ સભ્યો દાહોદની જનતાને માથે ઉભેલી સમસ્યાઓનો નિકાલ કરવાની જગ્યાએ ખરા સમયે રેઢિયાળ મૂકીને જતા રહ્યા છે. સંપર્કવિહોણા થઈ જતા દાહોદની જનતા કોને ફરિયાદ કરે.? તે મોટો યક્ષ પ્રશ્ન બની જવા પામેલ છે. છેલ્લા કેટલાય સમયથી આમ કહીએ તો નવા પ્રમુખથી નિયુક્તિ બાદથી જ પાલિકામાં જવાનું બંધ કરી દેતા જનતાના પ્રશ્નો જે સુધરાઈ સભ્યોને ઉઠાવવા જોઈએ તે બંધ થઈ જતા સમસ્યાઓની ભરમાર ઊભી થવા પામી છે. હવે અહીંયા પાલિકાના અતરંગ વર્તુળો દ્વારા જાણવા મળવા મુજબ રજા ગાળવા ગયેલા કાઉન્સિલરો પૈકી કેટલા કાઉન્સિલરોની આર્થિક પરિસ્થિતિ સારી નથી તો તેઓનો ફરવાનો ખર્ચ કોણ ઉઠાવી રહ્યો છે.જોકે કોંગ્રેસમાંથી ભાજપમાં વફાદારીની નેમ સાથે આવેલાં કાઉન્સિલરો અડીખમ જોવા મળતા તે એક મહત્વપૂર્ણ બાબત બની જવા પામેલ છે. જોકે આ તમામ પરિસ્થિતિઓની વચ્ચે દાહોદ પાલિકાના સુધરાઈ સભ્યો વચ્ચે ચાલી રહેલી યાદવસ્થળીના ભોગે દાહોદની જનતા પીસાઈ રહી છે. પ્રાથમિક સમસ્યાનો સામનો કરી રહી છે. જો આ યાદવસ્થલીને રોકવામાં નહીં આવી તો જે પ્રમાણે ભાજપને તાજેતરમાં લોકસભાની ચૂંટણીમાં મોટાભાગની બેઠકો પર નુકસાન થયું છે.તેવી રીતે આવનારા સમયમાં દાહોદ નગરપાલિકા ચૂંટણીમાં ભાજપને મોટું નુકસાન વેઠવાનો વારો આવશે તેમાં કોઈ બે મત નથી.

# કાલોલના દેવ ત્રિવેદીએ 'નો ડ્રગ્સ કેમ્પેઈન' માટે 17300 ફૂટ ઊંચે ત્રિરંગો લહેરાવ્યો

(પ્રતિનિધિ) કાલોલ,તા.10

ભારત આજે વિશ્વફલક પર પોતાની આગવી છાપ ધરાવે છે. જેમાં ઐતહાસિક સમયથી ભારત નિર્માણમાં ગુજરાતની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે. જેમાં પંચમહાલના કાલોલ શહેરના દેવ ત્રિવેદીએ વધુ એક પરાક્રમ જોડ્યુ હતું. જેણે તારીખ 3 જૂનના રોજ ખુબ મુશ્કેલ ગણાતા પીર પંજાલ રેન્જ સ્થિત હિમાચલમાં આવેલા માઉન્ટ ફ્રેન્ડશિપ કે જેની ઊંચાઈ 17,300 ફૂટ છે. જેમાં દુર્ગમ ચઢાણ અને અત્યંત નીચા તાપમાનનો સામનો કરી ગુજરાતના યુવાનોની ટીમે સફળતાપૂર્વક આરોહણ કરીને તેના પર તિરંગો લહેરાવ્યો હતો તથા ''નો ડ્રગ્સ કેમ્પેઈન'' નો સંદેશ આપ્યો હતો. આ ઉપરાંત ગુજરાતના 10 જેટલા સાહસિક યુવાઓની ટીમે પણ ભાગ લીધો હતો.

ઈન્વિન્સિબલ એન.જી.ઓ ભારતનું સૌથી મોટું ટ્રેકિંગ અને એડવેન્ચર ઓર્ગેનાઈઝેશન છે. જેના દ્વારા આ યુવાઓને બે મહિનાની



કઠોર તાલીમ આપવામાં આવી હતી. જેમાં દરરોજ 5 કિમીનું રનીંગ, સામાન સાથે ચઢ ઉતરની પ્રેક્ટિસ અને યોગ પ્રાણાયામનો અભ્યાસ, ટ્રેકિંગ અને પર્વતારોહણનો આગવો અનુભવ ધરાવતા પ્રતિયોગીઓની પસંદગી કરવામાં આવી હતી.

આ ઉપરાંત વિડિયો લેક્ચર દ્વારા ટેકનિકલ તાલીમ આપવામાં આવી હતી અને ત્યાર બાદ શારીરિક કસોટીના આધારે તેઓની પસંદગી કરવામાં આવી હતી. તા.28 મેના રોજ મુશ્કેલ ગણાતા માઉન્ટ ફ્રેન્ડશિપ તરફ પ્રયાણ કર્યું હતું અને તા.3 જૂનના રોજ સમિટ કરી 17300 ફૂટની ઊંચાઈએ તિરંગો લહેરાવ્યો હતો તથા ઈન્વિન્સિબલ એન.જી.ઓ છેલ્લા કેટલાક વર્ષોથી ચાલી રહેલા ડ્રગ્સના દૂષણને નાથવા રાતદિવસ પ્રયત્નો કરી રહી છે, માટે ''નો ડ્રગ્સ કેમ્પેઈન''નો મેસેજ આપ્યો હતો.

જેથી યુવાઓમાં ડ્રગ્સ માટેની જાગૃતતા વધે માટે સમગ્ર ટીમને ઈન્વિન્સિબલ એન.જી.ઓ દ્વારા સ્પોન્સર કરવામાં આવી હતી. આ 10 સાહસિક યુવાની ટીમમાં દેવ ત્રિવેદી ઉપરાંત રાજુ બેસનેત, રોહિત રાજપુત, ઉમંગ કોષ્ટિ, નમ્ર ભાવસાર, સૂરજ શાહ, ચિરંજીવ પ્રજાપતિ, હર્ષિલ સુથાર સ્મિત ધમસાનિયા, સૂચી પટેલ, સ્મિત ધમસાનિયાએ ત્રિરંગો લહેરાવી દેશનું ગૌરવ વધાર્યું હતું. ઈન્વિન્સિબલના 10 પર્વતારોહકોનું 'નો ડ્રગ્સ અવરેનેસ' અભિયાન ખૂબ જ પ્રશંસનીય છે.

## દાહોદ LCBએ નાસતા ફરતા બે આરોપીને ઝડપ્યા

(પ્રતિનિધિ) દાહોદ,તા.10

છેલ્લા એક વર્ષથી જુનાગઢ પોલીસ સ્ટેશનમાં એનપીડીએસ એક્ટના ગુનામાં નાસતો ફરતો આરોપી તથા છેલ્લા એક વર્ષથી કતવારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાસ્તા ફરતા આરોપીને એમ કુલ મળી બે આરોપીઓને દાહોદ એલસીબી પોલીસે ઝડપી પાડી જેલના હવાલે કર્યાનું જાણવા મળે છે.

દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમી આધારે છેલ્લા એક વર્ષથી જુનાગઢ પોલીસ સ્ટેશનના ગુનામાં તેમજ છેલ્લા 1 વર્ષથી કતવારા પોલીસ સ્ટેશનના ઝાડ ગુનામાં નાસતો ફરતો દશરથ ઉર્ફે દશરથસિંહ કટારા (રહે. બારસાલેડા, તા. ફતેપુરા જિ. દાહોદ) તેમજ ભૈરવસિંહ ડામોર રહે. બોરીયાલા તા. ફતેપુરા, જીલ્લો દાહોદ)ને પોલીસે ઝડપી પાડ્યા હતા.

# ગેંગડીયા ચોકડી પાસે કારમાંથી દારૂ સાથે એક શખ્સ ઝડપાયો

**વેજલપુર** પોલીસે રૂ.5,33,900ના મુદામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) કાલોલ,તા.10

વેજલપુર પોલીસને બાતમી મળી હતી કે એક લાલ કલરની ગાડી જેનો નંબર GJ-20-AH-5753 છે. જે ગાડીમાં વેજલપુર બાજુથી એક ઈસમ વિદેશી દારૂ ભરી લઈને ગેંગડીયા ચોકડી થઈ રવેરી તરફ જનાર છે તેવી બાતમી આધારે ગેંગડીયા ચોકડી ખાતે વોચ રાખી પોલીસ સ્ટાફને વાકેફ કરી તેઓની સાથે ગેંગડીયા ચોકડી વોચમાં ગોઠવાયા હતા. થોડી વારમાં બાતમીવાળી લાલ કલરની ગાડી પૂરઝડપે આવતી હોય જરૂરી આડસો ઉભી કરી સદર



ગાડીને ઉભી રાખી હતી અને ગાડીના ચાલકને નીચે ઉતારી અને તેનું નામ ઠામ પૂછતા તેને પોતે પોતાનું નામ કેતન ઉર્ફે અતુલ બચુભાઈ પરમાર (રહે.રવેરી બસ સ્ટેન્ડ ફળિયું, તા.ઘોઘંબા, જી.પંચમહાલ) હોવાનું જણાયુ હતું. મુદામાલ ક્યાંથી અને કોણે આપેલો જે બાબતમાં પકડાયેલ ઈસમ કેતન ઊર્ફે અનુલ બચુભાઈ પરમારને બે પંચો રૂબરૂ પૂછપરછ કરતા તેને ગેંગડીયાથી વેજલપુર તરફ રોડની સાઈડમાં ખુલ્લા મેદાનમાં ખરસાલીયા ગામમાં રહેતા અજય ઊર્ફે ઢોલો મનહરસિંહ સોલંકીએ સફેદ કલરની વાનમાં આપી ગયાનું જણાયુ હતું. જેથી આ શખ્સને સાથે રાખી તેની ગાડીને જોતા તે લાલ કલરની ટાટા કંપનીની અલ્ટો ગાડી જી.જે.20 એ.એચ.5733 નંબરની જણાઈ આવી હતી. જેની ડીકીમાં બિયરના ટીન કુલ 96 રૂ.12,000 તથા દારૂના ક્વાર્ટર 144 રૂ.14,400, બે મોબાઈલ રૂ.7,500, કાર રૂ.5,00,000 મળી પ્રોહી મુદામાલ કુલ કિંમત રૂ.5,33,900નો જપ્ત કરી ગણનાપાત્ર કેસ શોધી કાઢી કાર્યવાહી હાથ ધરી હતી.

### દાહોદના ખરોડ મુકામે હાઇટેન્શન સાથે ડમ્પરનું ડાલુ અડતા આગ લાગી



દાહોદ તાલુકાના ખરોડ મુકામે આવેલી આશા ક્વોરીમાંથી પસાર થતા હાઇટેન્શન લાઇન સાથે ડમ્પરનું ડાલુ અડી જતાં ડમ્પરમાં આગ ફાટી નીકળી હતી. આ દ્રશ્યો આશાપુરી વર્કના છે. જ્યાં કપચી ખાલી કરવા આવેલા ડમ્પરચાલકે ચંપલનો હાઇડ્રોલિક ઓછું કરતા ઉપરથી પસાર થતી હાઇટેન્શન લાઇન સાથે અડતા આગ ફાટી નીકળી હતી.

# સંજેલી તાલુકાના 2 બાળકોને શિક્ષણ એજ કલ્યાણ સંકુલમાં મૂકાયા

(પ્રતિનિધિ) સંજેલી,તા.10

ખેડા જિલ્લાના વસો તાલુકામાં આવેલ શિક્ષણ એજ કલ્યાણ સંકુલ લવાલ ખાતે મહિપતસિંહ બાપુના શૈક્ષણિક સંકુલ ખાતે સંજેલી તાલુકાના ભમેલા ગામના જેમના પિતા હયાત નથી તેવા બે બાળકોનો સંપર્ક કરી લવાલ શિક્ષણ એજ કલ્યાણ શિક્ષણ સંકુલ ખાતે મહિપતસિંહ બાપુને મળીને પ્રવેશ અપાવ્યો હતો. બારીયા ધાર્મિકને ધોરણ-8 માં અને બારીયા પુષ્પાબેન ને ધોરણ -11 માં પ્રવેશ અપાવવામાં આવેલ અને મહિપતસિંહ સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ સેવાકીય કાર્યમાં ઘરથી સંકુલ સુધી બાળકોને વિનામૂલ્યે



પહોંચાડવાની જવાબદારી સર્વ સમાજ સેના સંજેલી તાલુકાના પ્રમુખ સુરેશભાઈ બારીયા અને સંજેલીના ચમારિયાના વતની, સામાજિક ક્ષેત્રે જેમનું આગવું સ્થાન છે તેવા અને સર્વ સમાજ સેના સંજેલીના ઉપ પ્રમુખ તેમજ ન્યુ પાર્થ નવોદય-એકલવ્ય તાલીમ વર્ગના સંચાલક દિલીપકુમાર એચ. મકવાણા અને સર્વ સમાજના સાથીદાર મિત્ર રાકેશભાઈ બારીયાએ જહેમત ઊઠાવીને ગરીબ બાળકોને સંકુલમાં પ્રવેશ અપાવ્યો હતો.

## ફતેપુરા તાલુકાના મકવાણાના વરુણા ગામનો યુવક ગુમ

(પ્રતિનિધિ) ફતેપુરા, તા.10

ફતેપુરા તાલુકાના સુખસર પાસે આવેલ મકવાણાના વરુણા ગામના વંદનાબેન નરેન્દ્રભાઈ સમસુભાઈનાએ સુખસર પોલીસ સ્ટેશનમાં જાહેરાત આપતા જણાવ્યું છે કે,પોતાના પતિ નરેન્દ્રભાઈ સમસુભાઈ (ઉંમર વર્ષ 23) તારીખ 7/6/2024 ના રોજ સાંજના સાતેક વાગ્યાના અરસામાં હું સુખસર ગામમાં જાઉં છું.તેમ જણાવી ઘરેથી નીકળેલ. ત્યારબાદ મોડે સુધી ઘરે નહીં આવતા નરેન્દ્રની શોધખોળ કરવામાં આવી હતી.પરંતુ કોઈ ભાળ મળી ન હતી. જેથી સુખસર પોલીસે નરેન્દ્ર સમસુભાઈ ગુમ થવા બાબતે નોંધ કરી ગુમસુદા નરેન્દ્ર સમસુભાઈની શોધખોળના ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે.

# લીમખેડાના કથોલિયાની યુવતીની આત્મહત્યા પ્રકરણમાં નવો વળાંક

(પ્રતિનિધિ) દાહોદ,તા.10

લીમખેડા તાલુકાના કથોલીયા ગામે દેહધા રહેતા 21 વર્ષીય આરતીબેન બાબુભાઈ દેહધાએ તારીખ 2 એપ્રિલના રોજ ઘરમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ મામલે ન્યાયની માંગણી સાથે મૃતક આરતી બહેનની બહેન સુલોચના બાબુભાઈ દેહધા દ્વારા દાહોદ જિલ્લા પોલીસવડા તેમજ પંચમહાલ રેન્જ આઈજીને લેખિત રજૂઆત કરી જણાવ્યું હતું કે, 'પોતાની બહેનની સગાઈ લીમખેડા તાલુકાના ઉસરા ગામે રહેતો અલ્પેશ ઉર્ફે વિપુલભાઈ ગોપાલભાઈ મુનિયા સાથે સગાઈ થઈ હતી ત્યારે ગત તારીખ 2 એપ્રિલના રોજ આરતી બહેન અને અલ્પેશ ભાઈ વચ્ચે કોઈ બાબતે તકરાર થઈ હતી જેને પગલે બંને વચ્ચે મોબાઈલ ફોન તેમજ સોશિયલ મીડિયા માધ્યમથી વાતચીત થઈ રહી હતી અને જેમાં અલ્પેશભાઈ દ્વારા મૃતક આરતીબહેનને બેફામ ગાળો બોલી આરતીબહેનને પોતાના મોબાઈલમાંથી બ્લોક કરી નાખ્યા હતા જે બાબતે આરતીબેનને મનમાં લાગી આવતા ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી ત્યારે મૃતક આરતી બહેનની બહેન સુલોચના બહેન દ્વારા પોતાની બહેનને ન્યાય મળે તે માટે અલ્પેશભાઈ ઉર્ફે વિપુલભાઈ મુનિયા પોતાની બહેનના મોતનો જવાબદાર હોવાને કારણે અલ્પેશભાઈ ઉર્ફે વિપુલભાઈ મુનિયા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે તે માટે રજૂઆત કરવામાં આવી છે.

# સુખસરથી રાવળના વરુણા જતા માર્ગની સાઈડ પૂરાણના અભાવે તૂટવાની શરૂઆત!

**સુખસરથી રાવળના** વરૂણા જતા માર્ગનું ત્રણેક માસ અગાઉ નવિનીકરણ કરાયું પરંતુ સાઈડ પુરાણ કરવા કોન્ટ્રાક્ટરે તસ્દી ના લીધી

(પ્રતિનિધિ) સુખસર,તા.10

ફતેપુરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં લાખો રૂપિયાના ખર્ચે નવીન રસ્તાઓની કામગીરી કરવામાં આવે છે. તે પૈકી કેટલાક રસ્તાઓમાં કોન્ટ્રાક્ટરો પોતાની મનમાની કામગીરી કરી સરકારી તંત્રને પણ ધોળીને પી જતા હોય તેમ કામગીરી કરતા હોવાનું જાણવા મળે છે.તેમાં ગત ત્રણેક માસ અગાઉ સુખસર ખારી નદીના પુલથી રાવળના વરુણા ખાતે જતો એક કિ.મી ના માર્ગ માટે ગ્રામજનોની લાંબા સમયની માંગને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા રસ્તાને ડામર કરવામાં આવ્યો છે.



પરંતુ મહિનાઓ વિતવા છતાં રસ્તાની સાઈડ પુરાણ નહીં થતાં આ રસ્તો સાઈડો માંથી તૂટી રહ્યો છે.ત્યારે આ રસ્તાની સાઈડો તાત્કાલિક પૂરણ કરવી આવશ્યક છે.

ફતેપુરા તાલુકાના સુખસર ખારી નદીના પુલથી રાવળના વરુણા જતો આશરે એક કિમીના નવીન ડામર રસ્તાની ગત ત્રણેક માસ અગાઉ કામગીરી કરવામાં આવેલ છે.જેથી નાના-મોટા વાહનચાલકો તથા રાહદારીઓને આ રસ્તા ઉપરથી સુખસરમાં આવવા જવા રાહત થઈ છે અને આ રસ્તાથી અવર-જવર કરતા લોકોમાં ખુશી પણ જોવા મળે છે.પરંતુ આ રસ્તાની કામગીરી પૂર્ણ થયા બાદ મહિનાઓ વિતવા છતાં તેની સાઈડ પુરાણ કરવામાં નહીં આવતા હાલ આ રસ્તો સાઈડો માંથી તૂટી રહ્યો છે.

જો આ રસ્તાની વહેલી તકે સાઈડ પુરાણ કરવામાં નહીં આવે તો થોડાક જ મહિનાઓમાં રસ્તાની હાલત ખંડેર થઈ જશે તેવી ચર્ચા થતી હોવાનો સૂર ઉઠવા પામ્યો છે, ત્યારે સુખસર ખારી નદીના પુલથી રાવળના વરુણા ખાતે જતા નવીન માર્ગની સાઈડોમાં પૂરાણ કરી બિસ્માર થઇ રહેલા રસ્તાને બચાવવા તંત્ર દ્વારા ધ્યાન આપવામાં આવે તેવી પણ લોકોની માંગ ઉઠવા પામી છે.

## સિંગવડના મોટા આંબલીયામાં ઝાડ ધરાશયી થતા વાહનવ્યવહારને અસર

**સિંગવડ :** સિંગવડ તાલુકાના મોટા આંબલીયા ગામે ઝાડ રસ્તાની વચ્ચે પડી જતા વાહનવ્યવહાર બંધ થતા ગ્રામજનો દ્વારા રસ્તા પર પડેલા ઝાડને કાપીને વાહનવ્યવહાર ચાલુ કરાયો હતો. સિંગવડ તાલુકાના મોટા આંબલીયા ઘાટી જતા રસ્તાની સાઈડમાં ઝાડને કોઈ અજાણી વ્યક્તિઓ દ્વારા બે દિવસથી સળગાવવામાં આવ્યું હતું. જ્યારે આ ઝાડ માર્ગ અને મકાન વિભાગ કે પછી વિસ્તરણ રેન્જમાં આવતું ઝાડ હોય તેમ લાગી રહ્યું છે. જ્યારે ઝાડને બે દિવસથી સળગાવવા થી 11મી જૂન, 2024 ના રોજ સવારે રસ્તાની વચ્ચોવચ ધરાશયી થતાં વાહનવ્યવહાર બંધ થવા પામ્યો હતો.

**જાહેર નિવિદા**

મોજે.ગુડેલ, તા.ખંભાત.જી. આણંદ ગામે સરકારશ્રીની 15મું નાણાંપંચ યોજના હેઠળ વર્ષ - 2023/24 ના બાકી વિકાસના કામો તથા નાણાંકીય વર્ષ - 2024/25 ના મંજૂર થનાર વિકાસના કામો ગ્રામ પંચાયત ગુડેલએ કરવાના હોય જે માટે લેબરના ભાવ તથા વિકાસના તમામ કામો જેવા કે, પીવાના પાણીની સુવિધાના કામો, સી.સી.રોડના કામો, બ્લોક પેવિંગના કામો, સેનિટેશન/ગટર લાઈનના કામો, પંપીંગ મશીનરી તથા અન્ય કામો માટે જરૂરિયાત મુજબનો માલસામાન ખરીદવા માટે, માલસામાન પૂરો પાડનાર વિકાસ કામ કરનાર એજન્સીઓ પાસેથી ભાવપત્રક મંગાવવામાં આવે છે. સદરહુ ભાવપત્રકો નીચેના સરનામે તારીખ-16/6/2024ના રોજ બપોરે 3:00 કલાક સુધીમાં રજી.એ.ડી.થી મોકલવાના રહેશે. નિયત સમય બાદ મળેલ ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહીં.

1. કવરના મથાળે વિકાસ કામોના ભાવપત્રક તેમ લખવાનું રહેશે.
2. આ જાહેર નિવિદાથી મંજૂર થયેલ ભાવપત્રક વર્ષ-2023/ 24 ના બાકી વિકાસના કામો તથા નાણાંકીય વર્ષ-2024/25 ના વિકાસ કામો માટે માન્ય રહેશે.
3. એજન્સીએ ભાવપત્રકો સાથે પાનકાર્ડ તથા જીએસટી નંબર ધરાવતા હોય તેની ઝેરોક્ષ નકલ ફરજિયાત મોકલવાની રહેશે.
4. એજન્સીના ભાવપત્રકો મંજૂર થયા બાદ ગ્રામ પંચાયત ગુડેલને સંતોષકારક કામગીરી નહીં કરી આપવામાં આવે તો એજન્સી બદલવાના અબાધિત અધિકાર ગ્રામ પંચાયત ગુડેલને રહેશે.
5. કોઈપણ ભાવપત્રક મંજૂર કરવા કે નહીં તેનો અધિકાર ગ્રામ પંચાયત ગુડેલને રહેશે.

સરનામું :- ગુડેલ ગ્રામ પંચાયત કચેરી, મુ. ગુડેલ, તા.ખંભાત.જી. આણંદ
વહીવટદારશ્રી/તલાટી કમ મંત્રીશ્રી - ગુડેલ ગ્રામ પંચાયત તા. ખંભાત જી. આણંદ

**જાહેર નિવિદા**

મોજે.આખોલ, તા.ખંભાત.જી. આણંદ ગામે સરકારશ્રીની 15મું નાણાંપંચ યોજના હેઠળ વર્ષ 2023/24 ના બાકી વિકાસના કામો તથા નાણાંકીય વર્ષ 2024/25ના મંજૂર થનાર વિકાસના કામો ગ્રામ પંચાયત આખોલએ કરવાના હોય જે માટે લેબરના ભાવ તથા વિકાસના તમામ કામો જેવા કે, પીવાના પાણીની સુવિધાના કામો, સી.સી.રોડના કામો, બ્લોક પેવિંગના કામો, સેનિટેશન/ગટર લાઈનના કામો, પંપીંગ મશીનરી તથા અન્ય કામો માટે જરૂરિયાત મુજબનો માલસામાન ખરીદવા માટે, માલસામાન પૂરો પાડનાર વિકાસ કામ કરનાર એજન્સીઓ પાસેથી ભાવપત્રક મંગાવવામાં આવે છે. સદરહુ ભાવપત્રકો નીચેના સરનામે તારીખ-16/6/2024ના રોજ બપોરે 3:00 કલાક સુધીમાં રજી.એ.ડી.થી મોકલવાના રહેશે. નિયત સમય બાદ મળેલ ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહીં.

1. કવરના મથાળે વિકાસ કામોના ભાવપત્રક તેમ લખવાનું રહેશે.
2. આ જાહેર નિવિદાથી મંજૂર થયેલ ભાવપત્રક વર્ષ-2023/ 24ના બાકી વિકાસના કામો તથા નાણાંકીય વર્ષ-2024/25 ના વિકાસ કામો માટે માન્ય રહેશે.
3. એજન્સીએ ભાવપત્રકો સાથે પાનકાર્ડ તથા જીએસટી નંબર ધરાવતા હોય તેની ઝેરોક્ષ નકલ ફરજિયાત મોકલવાની રહેશે.
4. એજન્સીના ભાવપત્રકો મંજૂર થયા બાદ ગ્રામ પંચાયત આખોલને સંતોષકારક કામગીરી નહીં કરી આપવામાં આવે તો એજન્સી બદલવાના અબાધિત અધિકાર ગ્રામ પંચાયત આખોલને રહેશે.
5. કોઈપણ ભાવપત્રક મંજૂર કરવા કે નહીં તેનો અધિકાર ગ્રામ પંચાયત આખોલને રહેશે.

સરનામું :- આખોલ ગ્રામ પંચાયત કચેરી, મુ. આખોલ, તા.ખંભાત.જી. આણંદ
વહીવટદારશ્રી/તલાટી કમ મંત્રીશ્રી - આખોલ ગ્રામ પંચાયત તા. ખંભાત જી. આણંદ

**જાહેર નિવિદા**

મોજે. ઉંદેલ, તા.ખંભાત.જી. આણંદ ગામે સરકારશ્રીની 15મું નાણાંપંચ યોજના હેઠળ વર્ષ 2023/24ના બાકી વિકાસના કામો તથા નાણાંકીય વર્ષ 2024/25ના મંજૂર થનાર વિકાસના કામો ગ્રામ પંચાયત ઉંદેલએ કરવાના હોય જે માટે લેબરના ભાવ તથા વિકાસના તમામ કામો જેવા કે, પીવાના પાણીની સુવિધાના કામો, સી.સી.રોડના કામો, બ્લોક પેવિંગના કામો, સેનિટેશન/ગટર લાઈનના કામો, પંપીંગ મશીનરી તથા અન્ય કામો માટે જરૂરિયાત મુજબનો માલસામાન ખરીદવા માટે, માલસામાન પૂરો પાડનાર વિકાસ કામ કરનાર એજન્સીઓ પાસેથી ભાવપત્રક મંગાવવામાં આવે છે. સદરહુ ભાવપત્રકો નીચેના સરનામે તારીખ-18/6/2024ના રોજ બપોરે 3:00 કલાક સુધીમાં રજી.એ.ડી.થી મોકલવાના રહેશે. નિયત સમય બાદ મળેલ ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહીં.

1. કવરના મથાળે વિકાસ કામોના ભાવપત્રક તેમ લખવાનું રહેશે.
2. આ જાહેર નિવિદાથી મંજૂર થયેલ ભાવપત્રક વર્ષ-2023/ 24 ના બાકી વિકાસના કામો તથા નાણાંકીય વર્ષ-2024/25 ના વિકાસ કામો માટે માન્ય રહેશે.
3. એજન્સીએ ભાવપત્રકો સાથે પાનકાર્ડ તથા જીએસટી નંબર ધરાવતા હોય તેની ઝેરોક્ષ નકલ ફરજિયાત મોકલવાની રહેશે.
4. એજન્સીના ભાવપત્રકો મંજૂર થયા બાદ ગ્રામ પંચાયત ઉંદેલને સંતોષકારક કામગીરી નહીં કરી આપવામાં આવે તો એજન્સી બદલવાના અબાધિત અધિકાર ગ્રામ પંચાયત ઉંદેલને રહેશે.
5. કોઈપણ ભાવપત્રક મંજૂર કરવા કે નહીં તેનો અધિકાર ગ્રામ પંચાયત ઉંદેલને રહેશે.

સરનામું :- ઉંદેલ ગ્રામ પંચાયત કચેરી, મુ. ઉંદેલ, તા.ખંભાત.જી. આણંદ
સરપંચશ્રી/તલાટી કમ મંત્રીશ્રી ઉંદેલ ગ્રામ પંચાયત તા. ખંભાત જી. આણંદ